# કોટવાળીયા આદિવાસી જાતિમાં શિક્ષણની સમસ્યા

**ડૉ. જીજ્ઞેશ પંડયા**
**સમાજશાસ્ત્ર વિભાગ**
**ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ (સાંજની)**
**એલિસબ્રિજ, અમદાવાદ મો.નં–૯૪૨૭૩૩૫૯૪૨**

## ૧. વિષય પ્રવેશ–

૨૦૦૧ની વસતી ગણતરી પ્રમાણે ભારતની કૂલ વસતીમાં અનુસૂચિત જનજાતિની સૌથી વધું વસતી મિઝોરમ અને લક્ષદ્રિપમાં (૯૪.૫%)વસે છે. જયારે સૌથી ઓછી આદિવાસી વસ્તી ધરાવતા રાજયોમાં ઉત્તરપ્રદેશ(૦.૧%), ગોવા(૦.૦૪%), બિહાર(૦.૯%)નો સમાવેશ થાય છે. પંજાબ, હરીયાણા, ચંદીગઢ, દિલ્હી, પાંડીચેરી વગેરે રાજયોમાં આદિવાસીઓ વસતા નથી. આવા રાજયોને બિનઆદિવાસી રાજયો તરીકે ઓળખાવી શકાય.

૨૦૦૧ની વસતી ગણતરી મુજબ ગુજરાત રાજયમાં સૌથી વધું વસતી ભીલ જાતિની છે, બીજા ક્રમે તળાવીયા, ત્યારબાદ ઘોડીયા, રાઠવા અને નાયકસ્ત્રીજા, ચોથા અને પાંચમા ક્રમે આવે છે. જયારે બાવચા, પટેલીયા અને ચારણા આદિમ જાતિઓની વસતી ગુજરાતમાં સૌથી ઓછી છે. કોટવાળીયા જાતિ રાજયમાં વસતીની દ્રષ્ટિએ ૧૫માં ક્રમે છે. ૨૦૦૧ની વસ્તીગણતરી મુજબ ગુજરાત રાજયમાં કોટવાળીયા જાતિની કૂલ વસતી ૪૧,૯૯૧ છે.

ઐતિહાસીક રીતે જોઈએતો ઘણી આદિમ જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું રહયું છે. બ્રિટીશ સમય દરમિયાન બ્રિટીશરો અને ખ્રિસ્તી મિશનરીઓના પ્રયત્નોને કારણે અને આઝાદી બાદ અનામત પ્રથા, પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત, આદિવાસી વિસ્તારોમાં આશ્રમશાળાઓ, શિષ્યવૃત્તિ વિગેરે પ્રયત્નોને કારણે સરકારે વિવિધ યોજનાઓ જેવી કે આદિવાસી વિસ્તારોમાં આશ્રમશાળાઓની સ્થાપના, છાત્રાલયોની સુવિધાઓ, આદિવાસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ વિગેરે પગલાઓને કારણે તેનો લાભ લઈ વધુને વધુ આદિવાસી વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રાપ્ત કરી રહયા હોવાથી જુદી જુદી આદિમ જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ વઘ્યું છે.

પ્રસ્તુત લેખમાં આપણે કોટવાળીયા જાતિમાં શિક્ષણની સ્થિતિ જાણવાનો પ્રયત્ન કરશું. સાથે સાથે શિક્ષણની સમસ્યાઓ અને તેની અસરો પણ તપાસવાના પ્રયત્નો કરીશું.

**કોષ્ટક–૧**

**ગુજરાત રાજયમાં વસતી કોટવાળીયા જાતિમાં સાત વર્ષ કે તેથી વધું વય ધરાવતી વસતીમાં શિક્ષણનું સ્તર દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | શિક્ષણનું સ્તર | કુલ કોટવાળીયા વસતીમાં શિક્ષણ | | | ગ્રામીણ વસતીમાં શિક્ષણ | | | શહેરી વસતીમાં શિક્ષણ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| ૧ | ૨ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | **કુલ વસતી** | ૧૦૭૯૪ (૫૦%) | ૧૦૬૫૯ (૫૦%) | ૨૧૪૫૩ (૧૦૦%) | ૯૪૦૨ (૫૦%) | ૯૨૭૭ (૫૦%) | ૧૮૬૭૯ (૮૭%) | ૧૩૯૨ (૫૦%) | ૧૩૮૨ (૫૦%) | ૨૭૭૪ (૧૩%) |
| ૨ | **અશિક્ષિત** | ૬૯૧૨ (૪૭%) | ૭૭૪૫ (૫૩%) | ૧૪૬૫૭ (૬૮%) | ૬૪૯૩(૪૮%) | ૭૧૭૪(૫૨%) | ૧૩૬૬૭(૭૩%) | ૪૧૯(૪૨%) | ૫૭૧(૫૮%) | ૯૯૦(૩૬%) |
| ૩ | **શિક્ષિત** | ૩૮૮૨ (૫૭%) | ૨૯૧૪ (૪૩%) | ૬૭૯૬ (૩૨%) | ૨૯૦૯ (૫૮%) | ૨૧૦૩ (૪૨%) | ૫૦૧૨ (૨૭%) | ૯૭૩ (૫૫%) | ૮૧૧ (૪૫%) | ૧૭૮૪ (૬૪%) |
| ૪ | **શૈક્ષણિક સ્તર** | ૭૪ | ૬૨ | ૧૩૬ | ૬૭ | ૬૨ | ૧૨૯ | ૦૭ | – | ૦૭ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | વિના કેળવણી પામેલ | (૫૪%) | (૪૬%) | (૨%) | (૫૨%) | (૪૮%) | (૩%) | (૧૦૦%) | | (૦.૪%) |
| ૫ | પ્રાથમિક થી ઓછું શિક્ષણ મેળવેલ | ૧૬૩૦ (૫૪%) | ૧૩૬૮ (૪૬%) | ૨૯૯૮ (૪૪%) | ૧૩૫૬ (૫૫%) | ૧૧૧૦ (૪૫%) | ૨૪૬૬ (૪૯%) | ૨૭૪ (૫૨%) | ૨૫૮ (૪૮%) | ૫૩૨ (૩૦%) |
| ૬ | પ્રાથમીક | ૧૨૮૪ (૫૭%) | ૯૮૮ (૪૩%) | ૨૨૭૨ (૩૩%) | ૯૬૫ (૫૯%) | ૬૬૫ (૪૧%) | ૧૬૩૦ (૩૩%) | ૩૧૯ (૫૦%) | ૩૨૩ (૫૦%) | ૬૪૨ (૩૬%) |
| ૭ | મધ્યસ્થ શિક્ષણ | ૫૦૦ (૬૫%) | ૨૭૫ (૩૫%) | ૭૭૫ (૧૧%) | ૩૦૭ (૬૫%) | ૧૬૪ (૩૫%) | ૪૭૧ (૯%) | ૧૯૩ (૬૩%) | ૧૧૧ (૩૭%) | ૩૦૪ (૧૭%) |
| ૮ | મેટ્રીક/માધ્યમિક શિક્ષણ | ૨૪૭ (૬૫%) | ૧૩૩ (૩૫%) | ૩૮૦ (૬%) | ૧૫૦ (૬૯%) | ૬૬ (૩૧%) | ૨૧૬ (૪%) | ૯૭ (૫૯%) | ૬૭ (૪૧%) | ૧૬૪ (૯%) |
| ૯ | ઉચ્ચતર માધ્યમિક | ૯૩ (૬૩%) | ૫૪ (૩૭%) | ૧૪૭ (૨%) | ૩૯ (૬૪%) | ૨૨ (૩૬%) | ૬૧ (૧%) | ૫૪ (૬૩%) | ૩૨ (૩૭%) | ૮૬ (૫%) |
| ૧૦ | બિનટેકનીકલ ડીપ્લોમા | ૦૧ (૧૦૦%) | – | ૦૧ | – | – | – | ૦૧ (૧૦૦%) | – | ૦૧ (૦.૧%) |
| ૧૧ | ટેકનીકલ ડીપ્લોમા | ૧૭ (૬૧%) | ૧૧ (૩૯%) | ૨૮ (૦.૪%) | ૧૨ (૬૭%) | ૦૬ (૩૩%) | ૧૮ (૦.૪%) | ૯ (૯૦%) | ૧ (૧૦%) | ૧૦ (૦.૬%) |
| ૧૨ | સ્નાતક કે તેથી વધુ | ૩૬ (૬૩%) | ૨૧ (૩૭%) | ૫૭ (૦.૮૪%) | ૧૩ (૬૫%) | ૦૭ (૩૫%) | ૨૦ (૦.૪%) | ૨૩ (૬૨%) | ૧૪ (૩૮%) | ૩૭ (૨%) |

**સ્ત્રોત** : Census 2001, Special Tables on Scheduled Tribes, Gujarat, Census office, Batrisi hole, Near RTO, Amdavad.

કોટવાળીયા આદિવાસીઓ શૈક્ષણિક રીતે ખૂબ પછાત છે. ઉપરોક્ત કોષ્ટમાં દર્શાવવામાં આવેલી માહિતિ પણ આ બાબતનું સમર્થન કરે છે. આ કોષ્ટકમાં રજુ થયેલી માહિતિ દર્શાવે છે કે કોટવાળીયા જાતિમાં શિક્ષણનું પ્રમાણ નીચું છે. કુલ વસતીમાંથી માત્ર ૩૨% લોકો જ શિક્ષિત છે જયારે ૬૮% લોકો નિરક્ષર છે. જાતિના શિક્ષિત ૩૨% લોકોમાંથી પણ ૪૪% લોકોએ પ્રાથમિક કક્ષાથી પણ ઓછું શિક્ષણ મેળવ્યું છે. જયારે ૩૩% લોકોએ માત્ર પ્રાથમિક કક્ષા સુધીનુંજ શિક્ષણ પ્રાપ્ત કરેલ છે. જાતિના માત્ર ૧૧% લોકોએજ માધ્યમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવ્યું છે. ઉચ્ચતરમાધ્યમિક, બિનટેકનીકલ ડીપ્લોમા, ટેકનીકલ ડીપ્લોમા અને સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ મેળવનાર લોકોનું પ્રમાણ નહિંવત છે.

**કોષ્ટક–૨**

**ભરૂચ જિલ્લામાં વસતા કોટવાળીયા આદિવાસીઓનો શૈક્ષણિક દરજજો દર્શાવતુ કોષ્ટક**

| ક્રમ | ગામ | શિક્ષણની વયથી ઓછી ઉંમર | અશિક્ષિત | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક | સ્નાતક | ખબર નથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | હાથાકુંડી | ૩ (૧.૦૬%) | ૧૦૨ (૩૬.૨૯%) | ૧૫૧ (૫૩.૭૩%) | ૧૫ (૫.૩૩%) | ૧ (૦.૩૫%) | ૧ (૦.૩૫%) | ૮ (૨.૮૪%) | ૨૮૧ (૧૦૦%) |
| ૨ | જામુની | ૨ | ૫૧ | ૫૪ | ૫ | ૦ | ૦ | ૨(૧.૭૫%) | ૧૧૪ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | (૧.૫૭%) | (૪૪.૭૩%) | (૪૭.૩૬%) | (૪.૩૮%) | | | | (૧૦૦%) |
| ૩ | **પુનપુજીયા** | ૦ | ૧૩<br>(૩૬.૧૧%) | ૧૯<br>(૫૨.૭૭%) | ૪<br>(૧૧.૧૧%) | ૦ | ૦ | ૦ | ૩૬<br>(૧૦૦%) |
| ૪ | **પિંગોટ** | ૧<br>(૨.૫૬%)) | ૨૬<br>(૬૬.૬૬%) | ૭<br>(૧૭.૯૪%) | ૩<br>(૭.૬૯%) | ૨<br>(૫.૧૨%) | ૦ | ૦ | ૩૯<br>(૧૦૦%) |
| ૫ | **વરખડી** | ૩<br>(૬.૧૨%) | ૨૫<br>(૫૧.૦૨%) | ૨૧<br>(૪૨.૮૫%) | ૦ | ૦ | ૦ | ૦ | ૪૯<br>(૧૦૦%) |
| ૬ | **રૂપઘાટ** | ૧૧<br>(૧૫.૨૭%) | ૨૬<br>(૩૬.૧૧%) | ૩૩<br>(૪૫.૮૩%) | ૧<br>(૧.૩૮%) | ૧<br>(૧.૩૮%) | ૦ | ૦ | ૭૨<br>(૧૦૦%) |
| ૭ | **ભોટનગર** | ૨<br>(૧૩.૩૩%) | ૯<br>(૬૦%) | ૪<br>(૨૬.૬૬%) | ૦ | ૦ | ૦ | ૦ | ૧૫<br>(૧૦૦%) |
| ૮ | **કુલ** | ૨૨<br>(૩.૬૩%) | ૨૫૨<br>(૪૧.૫૮%) | ૨૮૯<br>(૪૭.૬૮%) | ૨૮<br>(૪.૬૨%) | ૪<br>(૦.૬૬%) | ૧<br>(૦.૧૬%) | ૧૦<br>(૧.૬૫%) | ૬૦૬<br>(૧૦૦%) |

ઉપર દર્શાવ્યા પ્રમાણે અભ્યાસ હેઠળના ચાર ગામના કુલ ૮૯ કુટુંબની ૬૦૬ વ્યકિતઓમાંથી ૨૫૨(૪૧.૫૮%) વ્યકિતઓ નિરક્ષર છે. આ માહિતિ પણ કોટવાળીયા જાતિમાં નિરક્ષરતાનું પ્રમાણ ઉંચું હોવાનું દર્શાવે છે.

**કોટવાળીયા આદિવાસીઓમાં નિરક્ષરતા માટેના કારણો –**

ભરૂચ જિલ્લામાં વસતા કોટવાળીયા આદિવાસીઓમાં ગરીબી, બાળપણમાં માતા–પિતાનું, માતા–પિતામાં શિક્ષણનો અભાવ,માતા–પિતામાં દારૂ કે તાડી પિવાનું વ્યસન અને જે તે વ્યકિતમાં શિક્ષણ લેવા પ્રત્યેની રૂચીનો અભાવ, માતા–પિતામાં દારૂ/ તાડી પીવાનું વ્યસન, શિક્ષણ લેવા પ્રત્યેની રૂચીનો અભાવ જેવા અનેક કારણો જવાબદાર છે. જો કે આ બધા કારણોમાં પણ **વ્યવસાયનું સ્વરૂપ અને આર્થિક પછાતપણા**નું કારણ નિરક્ષરતા માટે મુખ્યત્વે જવાબદાર રહયું છે.

આ સંદર્ભમાં જોઈએતો અભ્યાસના ૬૮ (૭૬.૪૦%) કુટુંબોના ઉત્તરદાતાઓએ કુટુંબની ગરીબ પરિસ્થિતીને કારણરૂપ ગણાવી છે. કેટલાક ઉત્તરદાતાઓએ આ અંગે પોતાનો મત વ્યકત કરતા જણાવ્યું હતુ કે ખાવા અનાજ કે પહેરવાના કપડા ન હોય તેવી ગરીબ પરિસ્થિતીને કારણે સંતાનોના શિક્ષણનો ખર્ચ કરવાની અસમર્થતાને કારણે તેઓ તેમના સંતાનોને શિક્ષણ અપાવી શકયા નથી. આ મત આપનાર મોટાભાગના પ્રૌઢ ઉત્તરદાતાઓનું કહેવું હતું કે, અત્યારે સરકાર શિક્ષણ માટે શિષ્યવૃતિ આપે છે. તેવી કોઈ નીતી પહેલાના સમયમાં ન હોવાને કારણે શિક્ષણ માટેનો ખર્ચ કુટુંબે કરવો પડતો હતો. જે આ જાતિના ગરીબ કુટુંબોને પોષાય તેમ નહતો. તેથી તેઓના માતા–પિતા તેમને શિક્ષણ અપાવી શકયા નથી. કેટલાક ઉત્તરદાતાઓએ આ સંદર્ભમાં જણાવ્યું હતું કે ગરીબ પરિસ્થિતી હોવાથી નિશાળે ભણવા જવાને બદલે માતા–પિતા ઘરમાં આવક આવે તે માટે વાંસકામ, બકરી ચરાવવા જવું જેવા કામો બાળપણમાં તેમની પાસે કરાવતા હતા. જેને કારણે તેઓ શિક્ષણ લઈ શકયા નથી. આમ કુટુંબોની આર્થિક પછાતપણાની પરિસ્થિતિ શિક્ષણના ઓછા પ્રમાણ માટે જવાબદાર રહી છે.

આ ઉપરાંત કોટવાળીયા જાતિમાં નિરક્ષરતા માટે વ્યાવસાયિક રચનાતંત્ર/ વ્યવસાયનું સ્વરૂપ વધું મહત્વનું કારણ છે. આ જાતિના ઘણા કુટુંબો ખેતમજુરી તેમજ છૂટક મજૂરીના કામો કરે છે. શેરડી અને કેળા કાપવાની મજુરી કરવા તેઓ આસપાસના અન્ય ગામોમાં જાય છે. આ માટે તેઓ વર્ષના છ–સાત માસ સ્થળાંતર કરે છે. આ ગાળા દરમિયાન તેઓ સમગ્ર કુટુંબ સાથે સ્થળાંતરના સ્થળે રહે છે. સંતાનો શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે તેમને ઘરે મૂકીને જાયતો ઘરે કોઈ ન હોવાથી તેમને તૈયાર કરી નિશાળે કોણ મોકલે, તેમના માટે ભોજન કોણ બનાવે વિગેરે પ્રશ્ન ઉદભવે છે. આવા પ્રશ્નો તેઓ ઉકેલી શકતા ન હોવાથી પોતાના સંતાનોને મજૂરીના સ્થળે સાથે લઈ જાય છે. જેને કારણે તેઓ પોતાના સંતાનોને શિક્ષણ અપાવી શકતા નથી. આમ આર્થિક પછાતપણાની પરિસ્થિતી અને વ્યવસાયનું સ્વરૂપ આ જાતિના લોકોની નિરક્ષરતા માટે ઘણે અંશે જવાબદાર છે.

આ ઉપરાંત બળપણમાં માતા–પિતાનું મૃત્યું થવાથી તેમની ગેરહાજરીમાં સંતાનોને શિક્ષણ અપાવવાની જવાબદારી નિભાવી શકે તેવો કુટુંબમાં અન્ય કોઈ સભ્ય હયાત ન હોવાથી કે પિતાના મૃત્યું બાદ કુટુંબના સભ્યોની ભરણપોષણની જવાબદારી પોતાના શિરે આવી પડવાને કારણે અથવા પિતાના મૃત્યું થતા અન્ય સંબંધી કે જેમના ઉપર પિતાની અવેજીમાં આ ફરજ બજાવવાની જવાબદારી આવે છે તેવા સંબંધી આ જવાબદારી નિભાવી ન શકવાને કારણે ૧૨(૧૩.૪૮%) ઉત્તરદાતાઓ અશિક્ષિત રહયા છે. જે દર્શાવે છે કે **બાળપણમાં માતા–પિતાનું મૃત્યુ** સંતાનોની નિરક્ષરતા માટે જવાબદાર છે.

૬(૬.૭૪%)કુટુંબના ઉત્તરદાતાઓએ **માતા–પિતાની નિરક્ષરતા**ને તેમના શિક્ષણ માટે જવાબદાર ગણાવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે તેમના માતા–પિતા અશિક્ષિત હોવાથી તેમણે સંતાનોને શિક્ષણ અપાવવામાં રસ દાખવ્યો નથી. આવા ઉત્તરદાતાઓએ શિક્ષણનું મહત્વ ઓછું આંકયું હોવાથી સંતાનોના શિક્ષણની જવાબદારી કાળજીપુર્વક નિભાવી શકયા નહી હોવાથી તેમના સંતાનો નિરક્ષર રહયા છે. આમ માતા–પિતાનું શિક્ષણ પણ નિરક્ષરતા માટે જવાબદાર છે.

એક ઉત્તરદાતાએ **માતા–પિતાના દારૂ કે તાડી પિવાના વ્યસન**ને સંતાનોની નિરક્ષરતા માટે કારણરૂપ ગણ્યા છે. તેમણે આ અંગે પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે મજુરી ઓછી મળે અને આ ઓછા નાણા માતા–પિતા દારૂ પીવામાં વેડફી નાખે છે. થોડા બચેલ નાણા માંથી જીવનનિર્વાહનો ખર્ચ કરે છે. જેથી સંતાનોના શિક્ષણનો ખર્ચ કરવા માટેના જરૂરી નાણા બચતા નથી જેને પરિણામે તેઓ સંતાનોને શિક્ષણ અપાવી શકતા નથી.

અન્ય બે ઉત્તરદાતાઓએ નિરક્ષરતા માટે **વ્યકિતને પોતાને જવાબદાર** ગણી છે. આ ઉત્તરદાતાઓએ પોતાના **સંતાનોને જ તેમની નિરક્ષરતા માટે જવાબદાર** ગણ્યા છે.એક ઉત્તરદાતાએ જણાવ્યું હતું કે તેમણે પોતાના પુત્રને શિક્ષણ અપાવવા બહુ પ્રયત્ન કર્યા પણ તેણે શિક્ષણ લેવામાં રૂચી દાખવી નહી તેથી તે નિરક્ષર રહયો.અન્ય એક ઉત્તરદાતાએ આ બાબતે પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે બાળપણમાં પિતાનું મૃત્યું થતા તેમણે જાતેજ ભણવાનું છોડી દીધું હતું.તેથી તેઓ નિરક્ષર રહયા.જે દર્શાવે છે કે આ બન્ને ઉત્તરદાતાઓએ નિરક્ષર રહેવા માટે વ્યકિતને પોતાને જવાબદાર ગણાવ્યા છે.આમ ઉપર દર્શાવ્યા મુજબના કારણો અભ્યાસક્ષેત્રમાં વસતા કોટવાળીયા જાતિના વ્યકિતઓની નિરક્ષરતા માટે જવાબદાર રહયા છે.

**અભ્યાસ હેઠળના ગામોમાં શિક્ષણનું સ્તર –**

કોષ્ટક – ૨ માં દર્શાવયા મુજબ અભ્યાસક્ષેત્રની કુલ ૩૨૨ (૫૩.૧૨%) વ્યકિતઓએ જુદી જુદી કક્ષાનું શિક્ષણ મેળવેલ છે. આ સંદર્ભમાં જોઈએતો ૨૮૯ (૪૭.૬૮%) વ્યકિતઓએ પ્રાથમિક કક્ષાનું, ૨૮(૪.૬૨%)વ્યકિતઓએ માઘ્યમિક કક્ષાનું અને ૪ (૦.૬૬%) વ્યકિતઓએ ઉચ્ચતર માઘ્યમિક કક્ષાનું તેમજ ૧ (૦.૧૬%) સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ છે. ઉપરોકત આંકડાઓ દર્શાવે છે કે મોટાભાગના લોકોએ માત્ર પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ છે. જે આ જાતિમાં શિક્ષણનું સ્તર ખુબ નીચું હોવાનું સુચવે છે. શિક્ષિતોમાં પણ અભ્યાસક્ષેત્રના સાત ગામમાંથી માત્ર એકજ વ્યકિત **શિક્ષકોની પ્રેરણા અને સ્કૂલની ફી ભરવા જેવી આર્થિક મદદ**થી સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકી છે. જે દર્શાવે છે કે આ જાતિમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ખુબજ ઓછું છે. ૧૦ (૧.૬૫%) વ્યકિતઓના શિક્ષણની કક્ષા જે તે કુટુંબના ઉત્તરદાતાઓ દર્શાવી શકયા ન હતા. તેમાં મોટેભાગે કુટુંબમાં લગ્ન કરીને આવેલ પુત્રવધુ અને ઘરજમાઈના શિક્ષણના સ્તરથી ઉત્તરદાતાઓ અજાણ હતા. જયારે ૨૨ (૩.૬૩%) વ્યકિતઓ શિક્ષણ લેવાની વયથી નીચી વય ધરાવતા હતા.

આજ કોષ્ટક અભ્યાસ હેઠળના જુદા જુદા **ગામોમાં શિક્ષણની સ્થિતિ** દર્શાવે છે. અન્ય ગામોની તુલનામાં અનુક્રમે પિંગોટ, ભોટનગર અને વરખડી એમ ત્રણ ગામોમાં **નિરક્ષર વ્યકિતઓનું પ્રમાણ સૌથી વધુ** છે. પિંગોટમાં ૬૬.૬%, ભોટનગરમાં ૬૦% અને વરખડીમાં ૫૧.૦૨% વ્યકિતઓ નિરક્ષર છે. જે સુચવે છે કે આ ત્રણ ગામોમાં અડધા ઉપરાંતની વસ્તી નિરક્ષર છે. અને તેથી કહી શકાય કે આ ગામોમાં શિક્ષણનું પ્રમાણ ખુબ ઓછું છે. જયારે હાથાકુંડી, પુનપુજીયા અને રૂપઘાટમાં ઉપરોકત ગામોની તુલનામાં નિરક્ષર વ્યકિતઓનું પ્રમાણ ઓછું છે. આ પ્રમાણ અનુક્રમે ૩૬.૨૯%, ૩૬.૧૧%, ૩૬.૧૧% છે. જે દર્શાવે છે કે આ ગામોમાં શિક્ષણનું

પ્રમાણ ઉપરોકત ગામોની તુલનામાં વધુ છે. બધા ગામોમાં શિક્ષણનું સ્તર જોઈએતો **ઉચ્ચતર માધ્યમિક અને સ્નાતક કક્ષાના શિક્ષણનું સ્તર** ખુબ નહિવત છે. તેમાંય જામુની,પુનપુજીયા,વરખડી અને ભોટનગરમાં આ જાતિની એક પણ વ્યકિતએ ઉચ્ચતર માધ્યમિક અને સ્નાતક કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત કરેલ નથી. એટલે કે આ ગામોમાં ઉચ્ચતર માધ્યમિક અને સ્નાતક કક્ષાના શિક્ષણનું પ્રમાણ ૦% છે. બધા ગામોમાં મોટાભાગની વ્યકિતઓએ પ્રાથમિક કક્ષાનું શિક્ષણ મેળવેલ છે. હાથાકુંડી, પુનપુજીયા, જામુની, રૂપઘાટ અને વરખડીમાં અનુક્રમે ૫૩.૭૩%, ૫૨.૭૭%, ૪૭.૩૬%, ૪૫.૮૩% અને ૪૨.૮૫% વ્યકિતઓએ પ્રાથમિક કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત કરેલ છે. જે આ ગામોમાં પ્રાથમિક કક્ષાના શિક્ષણનું પ્રમાણ વધુ હોવાનું સુચવે છે. જયારે ભોટનગરમાં ૨૬.૬૬% અને પિંગોટમાં ૧૭.૯૪% વ્યકિતઓએ પ્રાથમિક શિક્ષણ મેળવેલ છે. જે દર્શાવે છે કે ઉપરોકત ગામો કરતા આ ગામોમાં પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ ઓછું છે.

આમ ઉપરોકત કોષ્ટક નં–૧ માં દર્શાવેલી માહિતી સુચવે છે કે આ બધા ગામોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું અને શિક્ષણનું સ્તર નીચું છે. જેને પરિણામે સગપણસંબંધની પરંપરાગત પ્રણાલીકાઓ અને પ્રથાઓ આ સમાજમાં હજુ પણ ટકી રહી છે. શિક્ષણને કારણે તેમાં કોઈ બદલાવ કે પરિવર્તન આવ્યું નથી. પરંતુ અન્ય બૃહદ કે વિકસીત સમાજો સાથેના સંપર્કને કારણે કેટલાક કુટુંબોની પરંપરાગત સગપણ પ્રણાલીકાઓમાં પરિવર્તન આવ્યું છે. પરિવર્તન પણ ઉપરછલ્લા પાસાઓમાં આવ્યું છે. જેમ કે વડીલ વ્યકિતઓનું માન રાખવા માટે લાજ કાઢવાને બદલે માથે ઓઢણી, રૂમાલ કે કપડાનો કટકો નાખી માથું ઢાંકવાની પ્રથા અમલી બની છે.

અભ્યાસ હેઠળની જાતિમાં અલગ અલગ વય ધરાવતી વ્યકિતઓએ વિવિધ કક્ષા સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યુ છે. વયને ઘ્યાનમાં રાખીને શિક્ષણના પ્રમાણ અંગેની માહિતી મેળવીએતો પેઢી દર પેઢી શિક્ષણની સ્થિતિમાં શું ફેરફાર થયો છે તે જાણી શકાય. આ હેતુને ઘ્યાનમાં રાખી અભ્યાસ હેઠળની જાતિના જુદા જુદા ગામોમાં વસતા કુટુંબો પાસેથી માહિતી મેળવી તેને નીચેના કોષ્ટકમાં રજૂ કરી વયના સંદર્ભમાં શૈક્ષણીક દરજ્જો તપાસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**કોષ્ટક–૩**

**ભરૂચ જિલ્લામાં વસતા કોટવાળીયા આદિવાસીઓનો વય પ્રમાણે શૈક્ષણિક દરજ્જો દર્શાવતુ કોષ્ટક**

| ક્રમ | વયજૂથ | ગામ | શિક્ષણની વયથી ઓછી ઉંમર | અશિક્ષિત | શિક્ષિત | | | | ખબર નથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક | સ્નાતક | | |
| ૧ | ૧ થી ૩૦ | હાથાકુંડી | ૩ (૧.૬૦%) | ૪૦ (૨૧.૩૯%) | ૧૨૨ (૬૫.૨૪%) | ૧૫ (૮.૦૨%) | ૧ (૦.૫૩%) | ૧ (૦.૫૩%) | ૫ (૨.૬૭%) | ૧૮૭ (૧૦૦%) |
| | | જામુની | ૨ (૨.૫%) | ૨૪ (૩૦%) | ૪૭ (૫૮.૭૫%) | ૦૫ (૬.૨૫%) | ૦ | ૦ | ૨ (૨.૫%) | ૮૦ (૧૦૦%) |
| | | પુનપુજીયા | ૦ | ૦૩ (૧૩.૦૪%) | ૧૭ (૭૩.૯૧%) | ૦૩ (૧૩.૦૪%) | ૦ | ૦ | ૦ | ૨૩ (૧૦૦%) |
| | | પિંગોટ | ૧ (૪.૭૬%) | ૧૦ (૪૭.૬૧%) | ૦૬ (૨૮.૫૭%) | ૦૨ (૯.૫૨%) | ૦૨ (૯.૫૨%) | ૦ | ૦ | ૨૧ (૧૦૦%) |
| | | વરખડી | ૩ (૧૩.૬૩%) | ૮ (૩૬.૩૬%) | ૧૧ (૫૦%) | ૦ | ૦ | ૦ | ૦ | ૨૨ (૧૦૦%) |
| | | રૂપઘાટ | ૧૧ (૨૮.૯૪%) | ૫ (૧૩.૧૫%) | ૨૦ (૫૨.૬૩%) | ૧ (૨.૬૩%) | ૧ (૨.૬૩%) | ૦ | ૦ | ૩૮ (૧૦૦%) |
| | | ભોટનગર | ૨ (૨૦%) | ૫ (૫૦%) | ૩ (૩૦%) | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦ (૧૦૦%) |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુલ | | | ૨૨ (૫.૭૭%) | ૯૫ (૨૪.૯૩%) | ૨૨૬ (૫૯.૩૧%) | ૨૬ (૬.૮૨%) | ૪ (૧.૦૪%) | ૧ (૦.૨૬%) | ૭ (૧.૮૩%) | ૩૮૧ (૧૦૦%) |
| ૨ | ૩૧ થી ૬૦ | હાથાકુંડી | ૦ | ૫૨ (૬૩.૪૧%) | ૨૯ (૩૫.૩૬%) | ૦ | ૦ | ૦ | ૧ (૧.૨૧%) | ૮૨ (૧૦૦%) |
| | | જામુની | ૦ | ૨૧ (૮૦.૭૬%) | ૫ (૧૯.૨૩%) | ૦ | ૦ | ૦ | ૦ | ૨૬ (૧૦૦%) |
| | | પુનપુજીયા | ૦ | ૧૦ (૭૬.૯૨%) | ૨ (૧૫.૩૮%) | ૧ (૭.૬૯%) | ૦ | ૦ | ૦ | ૧૩ (૧૦૦%) |
| | | પિંગોટ | ૦ | ૧૪ (૮૭.૫%) | ૧ (૬.૨૫%) | ૧ (૬.૨૫%) | ૦ | ૦ | ૦ | ૧૬ (૧૦૦%) |
| | | વરખડી | ૦ | ૧૬ (૬૧.૫૩%) | ૧૦ (૩૮.૪૬%) | ૦ | ૦ | ૦ | ૦ | ૨૬ (૧૦૦%) |
| | | રૂપઘાટ | ૦ | ૧૯ (૫૯.૩૭%) | ૧૩ (૪૦.૬૨%) | ૦ | ૦ | ૦ | ૦ | ૩૨ (૧૦૦%) |
| | | ભોટનગર | ૦ | ૪ (૮૦%) | ૧ (૨૦%) | ૦ | ૦ | ૦ | ૦ | ૫ (૧૦૦%) |
| કુલ | | | ૦ | ૧૩૬ (૬૮%) | ૬૧ (૩૦.૫%) | ૨ (૧%) | ૦ | ૦ | ૧ (૦.૫%) | ૨૦૦ (૧૦૦%) |
| ૩ | ૬૧ થી ૯૦ | હાથાકુંડી | ૦ | ૧૦ (૮૩.૩૩%) | ૦ | ૦ | ૦ | ૦ | ૨ (૧૬.૬૬%) | ૧૨ (૧૦૦%) |
| | | જામુની | ૦ | ૬ (૭૫%) | ૨ (૨૫%) | ૦ | ૦ | ૦ | ૦ | ૮ (૧૦૦%) |
| | | પુનપુજીયા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦(૧૦૦%) |
| | | પિંગોટ | ૦ | ૨ (૧૦૦%) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ (૧૦૦%) |
| | | વરખડી | ૦ | ૧ (૧૦૦%) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ (૧૦૦%) |
| | | રૂપઘાટ | ૦ | ૨ (૧૦૦%) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ (૧૦૦%) |
| | | ભોટનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ | | | ૦ | ૨૧ (૮૪%) | ૨ (૮%) | ૦ | ૦ | ૦ | ૨ (૮%) | ૨૫ (૧૦૦%) |
| બધા વયજૂથ પ્રમાણે બધા ગામોના સભ્યોનો શૈક્ષણિક દરજ્જો કુલ | | | ૨૨ (૩.૬૩%) | ૨૮૯ (૪૭.૬૮%) | ૨૮ (૪.૬૨%) | ૪ (૦.૬૬%) | ૧ (૦.૧૬%) | ૨૫૨ (૪૧.૫૮%) | ૧૦ (૧.૬૫%) | ૬૦૬ (૧૦૦%) |

૩૦ વર્ષ સુધીની વયને એક પેઢી ગણીને અભ્યાસક્ષેત્રના ઉત્તરદાતાઓની ત્રણ પેઢીઓમાં શિક્ષણનું પ્રમાણ અને શિક્ષણનું સ્તર જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેને આધારે વયજૂથ પ્રમાણે વિવિધ ગામોમાં શિક્ષણના પ્રમાણ અને સ્તરમાં આવેલ પરિવર્તનને

સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ઉપરોકત કોષ્ટક–૩ માં દર્શાવેલ માહિતી સૂચવે છે કે અભ્યાસ હેઠળના ગામોમાં સમગ્ર રીતે જોઈએતો પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને સ્નાતક કક્ષા સુધીના શિક્ષણના પ્રમાણમાં વધારો થયો છે. શિક્ષણ લેતા લોકોનું પ્રમાણ વધ્યું છે અને તેમાંય પ્રાથમિક શિક્ષણ લીધેલ લોકોનું પ્રમાણ વધ્યું છે.

કોષ્ટકમાં રજૂ થયેલી માહિતી મુજબ પ્રથમ પેઢીના ૮૪%,બીજી પેઢીના ૬૮% અને ત્રીજી પેઢીના ૨૪.૯૩% લોકો નિરક્ષર રહયા છે. એવીજ રીતે પ્રથમ પેઢીના ૨%, બીજી પેઢીના ૩૦.૫% અને ત્રીજી પેઢીના ૫૯% લોકોએ પ્રાથમિક શિક્ષણ પ્રપ્ત કર્યુ છે. ઉપર દર્શાવેલ નિરક્ષર લોકોનું પ્રમાણ અને પ્રાથમિક શિક્ષણ લીધેલ લોકોનું પ્રમાણ સુચવે છે કે આ જાતિમાં નિરક્ષરતા ઘટી છે અને પ્રાથમિક શિક્ષણ લેનાર લોકોનું પ્રમાણ વધ્યું છે. જયારે માધ્યમિક,ઉચ્ચતર માધ્યમિક અને સ્નાતક કક્ષાના શિક્ષણમાં આંશીક વધારો થયો છે. ઉપરોકત કોષ્ટકમાં દર્શાવેલ માહિતી મુજબ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને સ્નાતક કક્ષાના શિક્ષણના પ્રમાણના સંદર્ભમાં જોઈએતો આ પ્રમાણ ક્રમશઃ પ્રથમ પેઢીના ૦%, બીજી પેઢીના ૧% અને ત્રીજી પેઢીના ૬.૮૨% લોકોએ માધ્યમિક શિક્ષણ, પ્રથમ પેઢીના ૦%, બીજી પેઢીના ૦% અને ત્રીજી પેઢીના ૧.૦૪% લોકોએ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અને પ્રથમ પેઢીના ૦%, બીજી પેઢીના ૦% અને ત્રીજી પેઢીના ૦.૨૬% લોકોએ સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરે છે. જે માધ્યમિક,ઉચ્ચતર માધ્યમિક અને સ્નાતક કક્ષા સુધીનું શિક્ષણ નહિવત કે આંશીક હોવાનું સૂચવે છે.

**કોટવાળીયા જાતિમાં ઔપચારિક શિક્ષણના મહત્વનો સ્વીકાર –**

કોટવાળીયા જાતિના લોકોમાં ઔપચારિક શિક્ષણ ઓછું કે નહીવત હોવાથી ઔપચારીક શિક્ષણનું મહત્વ ઓછું હશે તેવું કેટલીક સંસ્થાઓ કે વિધ્વાનો માનતા હોઈ શકે. પરંતું આ માન્યતા ખોટી છે. વર્તમાન સમયમાં પરિસ્થિતી બદલાઈ છે. ક્ષેત્રકાર્ય દરમિયાન ઉત્તરદાતાઓએ પોતાના બાળકોને શિક્ષિત કરવા તરફના વિધાયક વલણો રજૂ કર્યા છે. અને તે માટે વિવિધ કારણોને જવાબદાર ગણાવ્યા છે. આ સંદર્ભમાં જોઈએતો અભ્યાસક્ષેત્રના ૬૨ ઉત્તરદાતાઓએ રોજગારી કે નોકરી મેળવવા માટે પોતાના સંતાનોને શિક્ષણ આપવા તરફનો પ્રતિભાવ રજૂ કર્યો હતો. ૧૧ ઉત્તરદાતાઓએ સંતાનનો બૌધિક અને આર્થિક વિકાસ થાય તે માટે તેમને શિક્ષણ આપવું જોઈએ તેમ જણાવ્યું હતું. બાકીના ૧૭ ઉત્તરદાતાઓએ વર્તમાન સમયમાં સંતાનને લખતા–વાંચતા આવડે તે જરૂરી ગણ્યું હતું અને તે માટે સંતાનોને શિક્ષણ આપવા તરફ વિધાયક પ્રતિભાવ દાખવ્યો હતો. આમ **રોજગારી મેળવવા, બૌધિક કે આર્થિક વિકાસ સાધવા, લખતા–વાંચતા આવડે તે માટે અને ઘડપણમાં વધુ મદદરૂપ બની શકે તે માટે** અભ્યાસક્ષેત્રના ઉત્તરદાતાઓએ સંતાનોને શિક્ષણ અપાવવાનું જરૂરી ગણ્યું હતું. અભ્યાસક્ષેત્રના હાથાકુંડી ગામના એક ૪૨ વર્ષીય ઉત્તરદાતાએ આ અંગે મત વ્યકત કરતા જણાવ્યું હતું કે સંતાનો શિક્ષિત બનેતો તેમને સારી નોકરી મળી શકે અને નોકરી કરતા થાયતો આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી શકે.અને તેમ થાયતો સંતાનો માતા–પિતાની વૃધ્ધાવસ્થામાં વધુ સારી કાળજી રાખી શકે. આમ તેમણે વૃધ્ધાવસ્થામાં સંતાનો તેમની વધુ સારી કાળજી રાખી શકવા સમર્થ બને તે માટે તેમને શિક્ષણ આપવાનું જરૂરી ગણ્યું હતું. અન્ય એક ઉત્તરદાતાએ **જીવન સુધારવા માટે** શિક્ષણને જરૂરી ગણ્યું હતું.તેમનો મત હતો કે શિક્ષણ લેવાથી તેના વડે નોકરી મળી શકે છે. અને તેમ થાયતો જીવન સુધારી શકાય છે. વધું સારૂ જીવન જીવી શકાય છે. જયારે તેનાથી વિરૂધ્ધ એક ઉત્તરદાતાએ પહેલાના અને વર્તમાન સમયની શિક્ષણની પરિસ્થિતીઓની તુલના કરીને પહેલાના સમયના શિક્ષણને વધું સારૂ ગણાવ્યું હતું.તેમણે આ અંગે જણાવ્યું હતું કે પહેલાના સમયમાં શિક્ષણ લઈને વ્યકિત એક પેનમાં જ શિક્ષક (માસ્તર) થઈ જતો હતો. જયારે આજેતો વ્યકિત અનેક પેનોનો ઉપયોગ કરી ખુબ ભણે તો પણ તે શિક્ષક બની શકતો નથી. આમ અહિં તેમણે શિક્ષિતોની બેરોજગારીના સંદર્ભમાં પહેલાના શિક્ષણને વધું સારૂ ગણાવ્યું હતું.

શિક્ષણની સમસ્યા (નિરક્ષરતા) ના નિવારણ માટેના સૂચનો –

૧. અસ્થિર વ્યવસાયને કારણે મજૂરીના સ્થળે સમગ્ર કુટુંબ અને બાઈળકો સાથે સ્થળાંતર કરવું પડતું હોવાથી આ જાતિના બાળકો શિક્ષણ લઈ શકતા નથી. તેથી આ સમસ્યાનું નિવારણ કરવા સ્થિર વ્યવસાયની, ગામમાં જ રોજગારી મળી રહે તેવી વ્યવસ્થા વિકસાવવાની જરૂર છે.

૨. સ્થળાંતર કુટુંબોના બાળકો શિક્ષણ મેળવી શકે તેવી યોજનાઓ હોવા છતાં આવી યોજવનઓનું અમલીકરણ બરાબર ન થતું હોવાનું જણાયું છે. તેથી આવી યોજનાઓનું અમલીકરણ બરાબર થાય તે જરૂરી છે.

### સંદર્ભ સૂચિ

૧. Census 2001, Special Tables on Scheduled Tribes, Gujarat, Census office, Batrisi hole, Near RTO, Amdavad.

૨. Arunbhai B Patel, Traditional Bamboo used by the tribe of Gujarat, Indian Journal of Knowledge, Vol-4(2), April-2005,PP-179-184.

૩. Tribal Research Training Institute, Gujarat Vidyapith, Amdavad (Website)